ધાનેરા પોલીસે ટ્રાફિક ઝૂંબેશ હાથ ધરી : ૭૦ જેટલા વાહનો ડીટેન કર્યા

ધાનેરા, તા. ૨૬

બનાસકાંઠાની ધાનેરા પોલીસ દ્વારા આજે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પોલીસે ટ્રાફિકને અડચણ રૂપ ૭૦ થી પણ વધારે વાહનો ડીટેન કરતા વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો.

બનાસકાંઠાના ધાનેરા શહેર જો કોઈ મોટી સમસ્યા હોય તો તે ટ્રાફિકની સમસ્યા છે અને લોકો સહીત ધાનેરા ટ્રાફિક પોલીસ અને તમામ પોલીસ સ્ટાફ દ્વારા આજે

ટ્રાફિકથી ખુબ જ હેરાન થઈ રહ્યા હતા. તે માટે ધાનેરાના લોકો અને ધાનેરા ધારાસભ્ય દ્વારા ટ્રાફિક બાબતે ધાનેરા પી.આઈ.ને રજુઆત કરતા ધાનેરા પી.આઈ. ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ધાનેરા શહેરના જાહેર માર્ગ જેવા ગંજ રોડ ડીસા રોડ નેનાવા રોડ પરથી ટ્રાફિકને અડચણરૂપ ૭૦થી પણ વધારે વાહનો જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તો બીજી તરફ ધાનેરા પી.આઈ. દ્વારા ધાનેરાના વાહનચાલકો તેમજ જે વેપારીઓ પોતાની દુકાન આગળ દબાણ કરી રહ્યા છે જેના કારણે ટ્રાફિક સર્જાઈ રહ્યું છે તેવા વેપારીઓને પણ આ ઝુંબેશમાં સાથ આપી ધાનેરા ટ્રાફિક મુક્ત બને તેવી વિનંતી કરી હતી.

ધાનેરા પોલીસે ૭૦ કરતા વધારે વાહનો ડીટેન કરતા વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામી હતી. તો બીજી તરફ ધાનેરા પોલીસની આ કામગીરીને ધાનેરાના લોકોએ પણ બિરદાવી હતી.

અરવલ્લી જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા આગામી નગરપાલિકા, જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ યોજવા અંગે તા. ૨૩-૧૦-૨૦૧૫ના રોજ જાહેરાત કરવામાં આવી છે. આ થી ચૂંટણીલક્ષી આચારસંહિતા ૨૩-૧૦-૨૦૧૫થી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આપોઆપ અમલમાં આવે છે. જે આચારસંહિતા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આચારસંહિતાના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના વિસ્તારમાં મતદારોને પ્રલોભન આપતા ચૂંટણી લગતા કે અન્ય પોસ્ટર, બેનર, ચિત્રામણ, હોર્ડીંગ્સ વિગેરે હોય તો તે તાત્કાલિક અસરથી દૂર કરવાના થાય છે. આચારસંહિતાના ભંગ કરાતા આવા પોસ્ટર, બેનર, ચિત્રામણ, હોર્ડિંગ્સ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયત દ્વારા દૂર કરાવવા કાર્યવાહી કરાવવી તેમજ રાજ્ય ચૂંટણી આયોગના ૬-૧-૨૦૧૦ના આદેશથી જાહેરાત તથા સરકારી મિલકતનો બગાડ થતો અટકાવવા બાબતે પણ જોગવાઈનું પાલન કરવા રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને કલેક્ટર, અરવલ્લી દ્વારા જણાવાયું છે.

મોડાસા માર્કેટયાર્ડમાં મગફળીની આવક વધારો, ભાવમાં પણ તેજી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોએ રોકડીયા પાક મગફળીના પાકની વાવણી મોટા પ્રમાણમાં કરી હતી. જિલ્લામાં વરસાદની ૨૦ટકા જેટલી ઘટ હોવા છતાં પીઅત જમીન ધરાવતા ભૂમિપુત્રોએ મગફળીનો પાકનો મબલખ ઉતારો આપ્યો હતો. ચોમાસાની ઋતુના પાછલા દિવસોમાં ભારે વરસાદ થતા મગફળીનો તૈયાર પાક બગડી જવાની સંભાવનાઓ સેવાતી હતી. પરંતુ કુદરત ખેડૂતોને મદદે આવતા આકરા તાપથી ખેતરોમાં રહેલુ પાણી શોષાઈ જતા મગફળીના પાકનો બચાવ થયો હતો. મગફળીની સીઝનની શરૂઆત સાથે જ મોડાસા માર્કેટયાર્ડ મગફળીની આવકથી ઉભરાઈ રહ્યું છે. માર્કેટયાર્ડમાં મગફળીના ઢગ ખડકાતા કબૂતરોએ સીંગદાણાની લુફ્ત ઉઠાવતા નજરે પડતા હતા.

મોડાસા માર્કેટયાર્ડમાં અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો વહેલી સવારથી મગફળી લઈને હરાજીમાં પહોંચી જતા હોવાથી મગફળીની નવી આવક શરૂ થઈ છે. મગફળીની આવક વધવા છતાં ભાવમાં કોઈ નરમાઈ આવી નથી. છેલ્લા એક અઠવાડિયાથી માર્કેટયાર્ડમાં ૧૦ હજાર બોરીથી વધુ આવક નોંધાઈ છે. આવનારા

દિવસોમાં મોડાસા માર્કેટયાર્ડ મગફળીની આવકથી ઉભરાઈ જશે. રોકડીયા પાકની વાવણી કરનાર ભૂમિપુત્રો મગફળીનો ભાવ રૂ. ૭૨પથી ૯૨૫ સુધીનો ભાવ મળતા ખેડૂતોમાં આનંદ છવાયો છે. માર્કેટયાર્ડના વેપારીના જણાવ્યા મુજબ મગફળીનો ભાવમાં ગઈસાલ કરતા સામાન્ય વધારો થયો છે. અને અમુક મગફળીના તેની જાત પ્રમાણે ભાવો હોય છે. જેમા જી-૩૭ મગફળીના ૮૦૦-૯૦૦ રૂ.નો ભાવ છે. જે મીલોના વેપારીઓ એક્સપોર્ટ કરે છે.

આમ એક્સપોર્ટની ઘરાકી સારી રહેતા હમણા તો ભાવ ખેડૂતોને સારા મળી રહ્યા છે. તેમજ જી-૨ મગફળીના ભાવ ૯૫૦થી વધુ નોંધાયો છે. આ મગફળી જાવા મગફળી તરીકે ઓળખાય છે. તેમજ જી-૨૦ મગફળીનો ભાવ ૭૫૦-૮૦૦ છે. આ જાતની મગફળી સીંગતેલ માટે વપરાય છે. મગફળીની મબલખ આવક શરૂ થતાં નવરાત્રી અને દિવાળીના ત્યૌહારોમાં સીંગતેલના ભાવમાં નરમાઈ રહેશે. આ વર્ષે મોડાસા માર્કેટયાર્ડમાં મગફળીની આવક જૂના રેકોર્ડ તોડવાની સંભાવના છે.

મોડાસા શહેર કોંગ્રેસ દ્વારા ભાજપામાં ગાબડુ

મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલા સત્કાર સમારંભમાં ૨૮ યુવાનો કોંગ્રેસમાં જોડાયા

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ભરતસિંહ સોલંકી દ્વારા મોડાસા શહેર કોંગ્રેસ સમિતિમાં નિમણુંક પામેલા હોદ્દેદારોના સત્કાર સમારંભ યોજાયો હતો. સત્કાર સમારંભમાં ૨૮ યુવાનોને ભાજપમાંથી કોંગ્રેસમાં જોડીને ભાજપના ગઢમાં ગાબડુ પાડ્યું હતું. સત્કાર સમારંભમાં ભાજપામાંથી જોડાયેલા ૨૮ યુવાનોને કોંગ્રેસના આગેવાનોએ સુતરની આંટી પહેરાવી વિધિવત કોંગ્રેસમાં પ્રવેશ આપ્યો હતો. આ ઘટનાથી ભારતીય જનતા પાર્ટીમાં હડકંપ મચ્યો હતો.

ગુજરાત રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન દ્વારા પાટીદાર સમાજે ભાજપામાં નાકે દમ લાવી દીધો હતો. પાટીદારો ભાજપા માટે માથાના દુઃખાવા સમાન બની રહ્યા છે. આવનારી સ્વરાજયની ચૂંટણીઓમાં પાટીદાર અનામત આંદોલનનો કાળ ભરખી જાય તો નવાઈ નહી. સોમવારે મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલા સમારંભમાં વલ્લભ સદનહોલમાં મોડાસા શહેરના કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડતાં કોંગ્રેસી આગેવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાજપા પાર્ટી સાથે

જોડાયેલા અને પાટીદાર સમાજના અગ્રણી હરેશ પટેલ (હની સ્ટુડીયો) અને મીલન કવિ (ગામઠી રેસ્ટોરન્ટ) સાથે ૨૬ કાર્યકરો પાર્ટી ત્યજીને કોંગ્રેસમાં જોડાતા વલ્લભ સદનહોલમાં કોંગ્રેસના નારાઓથી ગુંજી ઉઠ્યો હતો. અને આવનારા સમયમાં પાટીદાર સમાજના યુવાનો મોટી સંખ્યામાં કોંગ્રેસમાં જોડાવાની સંભાવના જોવાઈ રહી છે. આ કાર્યક્રમમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસીંહ ખાંટ, વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ પટેલ, નિમિષ શાહ (નિરિક્ષક મોડાસા જિલ્લા નગરપાલિકા) મહેન્દ્રસીંહ પઢીયાર (અરવલ્લી જિલ્લા નગરપાલિકા નિરિક્ષક), નારણભાઈ પટેલ, મોડાસા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઈકબાલહુસેન ઈપ્રોલીયા, કોંગ્રેસના અગ્રણીઓ, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા શહેરના યુવા કોંગ્રેસી કાર્યકરો રાહુલ પટેલ, ભાવિક જોષી, અમીત મકવાણા, આનંદ પરમાર, મુકેશ પાટીલ સહિત મોટી સંખ્યામાં યુવા કાર્યકરો અને મહિલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

અડાઆઠમ પંચાલ સમાજ મોડાસા દ્વારા ૨૦મા સમૂહલગ્નનું આયોજન

ઈસરી, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસા સબલપુર ખાતે અડાઆઠમ પંચાલ સમાજ દ્વારા ૧૯ સમૂહલગ્નો પૂર્ણ કર્યા પછી ૨૦મા સમૂહ લગ્નના આયોજન-લગ્નની તારીખ માટે અડાઆઠમ પંચાલ સમાજના જ્ઞાતિ ભાઈઓની સામાન્ય સભા ગણેશપુર ખાતે યોજવામાં આવી હતી.

સૌ પ્રથમ વિશ્વકર્મા દાદાની આરતી ઉતારવામાં આવી. ગત સભાનું પ્રોસીડીંગને બહાલી આપી. પાલ્લા ગામે બે ભાઈઓના આકસ્મિત મોત બદલ શોક ઠરાવ કરી મૌન રાખેલ. શાસ્ત્રી વિનોદકુમાર વ્યાસ દ્વારા શુભ ૨૦માં સમૂહલગ્ન માટે આગામી સંવત ૨૦૭૨ના મહા વદ-૦૫ને તા. ૨૮-૨-૨૦૧૬ સર્વાનુમતે નક્કી કરવામાં આવી હતી. ચાલુ વર્ષે સૌ સમૂહલગ્નમાં જોડાય તેવી પ્રમુખશ્રી રમણલાલ પંચાલે વિનંતી કરી હતી.

ભિલોડાનગર નાગરીક સેવા સમિતીની રચના

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડાનગર નાગરીક સેવા સમિતીની રચના કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

ભિલોડાનગર નાગરીક સેવા

સમિતી પ્રમુખ ભીખાભાઈ ભાટીયા, ઉપપ્રમુખ ભરતભાઈ ત્રિવેદી, મહામંત્રી સુનીલભાઈ રાવલ તેમજ વ્યવસ્થાપક કારોબારી સભ્યોએ જણાવ્યું હતું કે, ભિલોડાનગરના ગરીબ અને મધ્યમ વર્ગના તમામ નાગરીકોની સેવામાં સતત સેવાભાવી સંસ્થા કાર્યરત રહેશે ભિલોડાનગરના જટીલ પ્રાણ પ્રશ્નો અને વિકાસના કાર્યોને વાચા મળશે તેમ જણાવ્યું હતું. ભિલોડાનગરમાં જાગૃત પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

અંબાજી ગામમાં હરિયાણાથી આવતી આઈસર ટ્રક નં. એચ.આર.૫૭.એ.૫૮૨૪ની અંદરથી દારૂની ૧૬૦ પેટી અંબાજી ચેક પોસ્ટ ઉપરથી અંબાજી પોલીસે ઝડપી પાડી હતી. આ અંગેની વધુ તપાસ અંબાજી પોલીસ મથકના પી.આઈ. ગોસ્વામી ચલાવી રહ્યા છે.

ભિલોડામાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા અને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે એન.આર.એ. વિદ્યાલયમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ પુર્વ સાંસદ સાબરકાંઠા, બી. કે. ગંગાધરભાઈ, ડૉ.બનારસીભા, બી. કે. શોભાબેન, બી. કે. મોહિનીબેન, ડૉ. સુરેન્દ્રભાઈ પટેલ, ડૉ. કે. ડી. પટેલ, ડૉ. નિમેષભાઈ એસ. પટેલ, મનોજભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા સહિત અગ્રણીઓ ઉપિથિત રહ્યા હતા. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતુભાઈ ભાટીયાએ જણાવ્યું હતું કે, સર્વ રોગ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ગાયનેકોલોજીસ્ટ, ફીજીશીયન, ડેન્ટલ, કાન, નાક, ગળાના ડૉક્ટરો, ચામડીના રોગોના ડૉક્ટરો સહિત વિવિધ પ્રકારના રોગોના નિષ્ણાંત ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સર્વ રોગ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ૧૦૦૦ થી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો. દર્દીઓને નિઃશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતુભાઈ ભાટીયા, હર્ષદભાઈ સોની, મુકેશભાઈ પંચાલ, રામઅવતાર શર્મા, હસમુખભાઈ બરંડા, ઉર્વશીબેન બરંડા, નરેશભાઈ પંચાલ, ભાવેશભાઈ ત્રિવેદી, બિપીનભાઈ પ્રજાપતી, કલ્યાણસિંહ પરમાર સહિત સેવાભાવી કાર્યકરોએ સર્વ રોગ નિઃશુલ્ક નિદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

બનાસકાંઠા જિલ્લાની સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર પર જેવા કે જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી તથા અન્ય સરકારી કચેરીઓમાં રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાઈ આવ્યું છે.

આથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બનાસકાંઠા શ્રી દિલીપ રાણા (આઈ.એ.એસ.)એ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેક્ટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જ્યાં મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાની સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ પર તા. ૧૧-૧૦-૨૦૧૫ થી તા. ૧૦-૧૨-૨૦૧૫ (બંને દિવસો સહિત) પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોઈપણ વ્યક્તિ કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ફુલ કલમ ફાઉન્ડેશન દ્વારા ખારેડામાં તેજસ્વી તારલાઓ અને કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાયો

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ખારેડા ગામે સેવા અને શૈક્ષણિક પ્રવૃતિ સાથે સંકળાયેલી સંસ્થા ફુલ કમલ ફાઉન્ડેશન દ્વારા ખારેડા ગામના તેજસ્વી તારલાઓ, સરકારી કર્મચારી મિત્રો અને નિઃસ્વાર્થ ભાવે ગામની મદદે હંમેશા દોડી આવતા સેવાભાવી પુરૂષો અને મહિલાઓનું પણ વિશેષ સન્માન કરી ફુલ કલમ ફાઉન્ડેશના કાર્યકર્તાએ પ્રેરણાદાયી પહેલ કરી હતી.

સરસ્વતી તાલુકાના ખારેડા ગામે ફુલ કમલ ફાઉન્ડેશન દ્વારા પ્રથમવાર તેજસ્વી તારલાઓ, સરકારી કર્મચારીઓ અને કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના હંમેશા લોકોની મદદે દોડી આવતા વિશિષ્ટ મહાનુભાવોનો સન્માન સમારંભ ઠાકોર વિકાસ નિગમના ચેરમેન નંદાજી વાઘાજી ઠાકોર, સિધ્ધપુર ધારાસભ્ય બળવંતસિંહ રાજપુત, જુગલસિંહ મથુરસિંહ ઠાકોર (ભામાશા)ની

ઉપસ્થિતમાં ૩૯ જેટલા તેજસ્વી તારલાઓ અને ૧૦ જેટલા સરકારી કર્મચારીઓ તેમજ ગામમાં મહત્વનું યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન મહાનુભાવો હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન એવા નંદાજી ઠાકોર સમાજ અને ગામની પ્રગતિ માટે શિક્ષણનું મહત્વ સમજવા માટે ભાર મુક્યો હતો. ધારાસભ્ય બળવંતસિંહ રાજપુતે સામાજીક અને શૈક્ષણિક પ્રવૃતિઓ કરતા ફુલ કમલ ફાઉન્ડેશનના કાર્યકરોને બિરદાવી આવી પ્રવૃતિઓમાં સાથ સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

બનાસકાંઠામાં યોજાનાર જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમ મોકુફ

નિવાસી અધિક કલેક્ટરશ્રી બનાસકાંઠા, પાલનપુર દ્વારા જણાવ્યા મુજબ સચિવશ્રી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની સૂચના અનુસાર રાજ્યની મહાનગર-પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય - પેટાચૂંટણી યોજાનાર હોઈ આદર્શ આચાર-સંહિતા અમલમાં હોઈ તા. ૨૮-૧૦-૧૫ના રોજ યોજાનાર તાલુકા સ્વાગત તેમજ તા. ૨૯-૧૦-૧૫ના રોજ યોજાનાર જિલ્લા સ્વાગત કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે.

પ્રાંતિજના કાટવાડ પાટીયા પાસે બસ પલ્ટી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કાટવાડ પાટીયા પાસે હિંમતનગર તરફથી આવતી બસ પલ્ટી ખાઈ જતાં બસમાં મુસાફરી કરી રહેલ ૬૨ મુસાફરોમાંથી ૧૦ને શરીરે ઈજાઓ પહોંચી હતી. અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના કાટવાડ પાટીયા પાસે હિંમતનગર તરફથી આવતી બસ નંબર-જીજે૧૮.વી.૯૬૪૦નો ચાલક બેકાળજી અને ગફલતભરી રીતે બસ હંકારી લાવતા બસને રોડની સાઈડમાં ઉતારી દઈ બાજુની ચોકડીમાં પલ્ટી ખવડાવી દેતા બસમાં મુસાફરી કરી રહેલ ૬૨ મુસાફરોમાંથી દસ મુસાફરોને શરીરે વત્તા ઓછી ઈજાઓ પહોંચતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બસ ચાલક વિરૂદ્ધ અમરતભાઈ પુંજાભાઈ મકવાણા રહે. દાંતા, લક્ષ્મીપુરા બનાસકાંઠા દ્વારા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.